સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

જાગ્યો છે ઉમંગ હવે સંચાલકો જ ભણાવે છે
ધમકી દબાણે સરકાર ખેંચના તણાવે છે,
ભણાવે છે ઉઠાં બંને સાથે મળીને વાલીઓને -
'ફી' અને 'હપ્તા'થી સૌ સોના મ્હેલ ચણાવે છે.

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

ચાબૂક બીકે
ચાલે છે સરકાર
આંખે ડાબલા!

જૂએ છે રાહ -
ચેપના યમરાજો -
શાળા એટલે !

ચિંતન

યથા કાષ્ઠ યમો હસ્તી યથા ચર્મમયો મૃગઃ ।
યશ્ચ વિપ્રોઢનધીયાન સ્રયસ્તેનાભ બિભતિ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

જેમ લાકડાનો હાથી અને ચામડાની ખાલ વાળુ મસાલાથી ભરેલું હરણ જીવંત નથી છતાં પણ એ હાથી અને હરણના નામે જ ઓળખાય છે. તેમ વિપ્ર ભલે બ્રાહ્મણના શરીરમાં રહેલો આત્મહોય પણ વેદોભ્યાસ, કર્મકાંડના અભ્યાસ વિનાનો તે માત્ર બ્રાહ્મણની ખાલમાં નામનો જ 'બ્રાહ્મણ' છે. ટૂંકમાં લાકડાનો હાથી, ચામડાનું હરણ, અને વિદ્યા વિનાનો બ્રાહ્મણ એ ત્રણે કેવળ નામના કહેવાના જ છે.

જે માણસમાં કોઈ કલા-સાહિત્ય કે લલિતકલાઓ નથી, જીવનનો કોઈ હેતુ - ધ્યેયચ હોય, જેનામાં સદ્ગુણો ન હોય, શીલ અને ચારિત્ર્ય ન હોય, એ શું માણસના શરીરમાં રહેલા છતાં માણસ કહેવાય ? હાલતા - ચાલતા જડબુદ્ધિ વિનાના રોબોટથી વિશેષ એ જેમ કં જ નથી, તેને સમાજમાં આદર-માન સન્માન કંઈ જ મળતું નથી. તેમ માણસના માત્ર સિવાય એ કંઈ જ નથી.

માનવીય સદ્ગુણ, માનવતા વિનાનો માણ શરીરધારી પશું માત્ર જ છે.

સુવિચાર

- સત્ય તમારામાં છુપાયેલું છે, લોકોના અભિપ્રાયમાં નહીં - **ઓશો**
- બીજાને આનંદિત જોઈ ખુશ થવું તે નિરોગીમનનું લક્ષણ છે - **બોધિવૃક્ષ**
- મોટી ઉંમરે દુનિયા દેખાય છે ધૂંધળી પણ સમજાય છે ચોખ્ખી - **એસ. ભટ્ટાચાર્ય**
- જયારે આપણે ચિંતાને શ્રદ્ધામાં બદલી નાખીશું
  ત્યારે ઈશ્વર આપણા સંઘર્ષને આશીર્વાદમાં બદલી નાખશે - **ક્રિષ્નકાન્ત ઉનડકટ**
- પાપ નિ:સંદેહ બુરા હૈ, લેકિન... ઉસસે ભી ભુરા હૈ પૂન્ય કા અહંકાર - **બદ્રીનાથ પટવારી**
- જે વાતો તમને તકલીફ આપે છે. એ જ તમને તાલીમ પણ આપે છે - **મુનિ શ્રી રાજહંસજી**
- આજનું ઔષધ : આમલીના પાનને ઉકાળી પચાસ મિલિ સવાર-સાંજ આ પાણીનું સેવન કરવાથી લિવર સ્વસ્થ થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક રાજાએ નગરના મુખ્ય ચાર રસ્તા પર બધાને નડતરરુપ થાય એ રીતે એક મોટો પત્થર મૂકી દીધો. લોકોની પ્રતિક્રિયા જોવા માટે રાજા એક મોટા ઝાડની પાછળ વેશપલટો કરીને સંતાઈ ગયો. પત્થર રસ્તાની વચ્ચોવચ પડેલો હોવાથી ત્યાંથી પસાર થતા બધા જ રાહદારીઓને ખૂબ નડતો હતો. બધા પોતાનો ગુસ્સો વ્યક્ત કરી ચાલતા જતા હતા. કોઈ રાજાને ગાળો આપતા તો કોઈ પથ્થરની બાજુમાંથી ચૂપચાપ પસાર થઈ જતા પણ કોઈ પથ્થરને ઉપાડીને એકબાજુ નહોતી મૂકતા.

એક સાવ સામાન્ય મજૂર જેવો માણસ પોતાના ખભા પર મોટો વજન લઈને જતો હતો. એણે આ પથ્થર જોયો એટલે એ ઊભો રહી ગયો. પોતાના ખબા પરનો ભાર બાજુમાં મૂકીને એ પથ્થરને હટાવવાનો પ્રયાસ કરવા લાગ્યો. આસપાસથી પસાર થતા લોકોમાંથી કોઈ એમની મદદ કરવા માટે આવતું ન હતું.

હિંમત હાર્યા વગર એણે પોતાના પ્રયાસ ચાલુ રાખ્યા અને અંતે એણે એ પથ્થરને હટાવીને બાજુ પર ખસેડી દીધો. પથ્થરની નીચે એક નાની થેલી હતી. એણે એ થેલીમાં જોયું તો થોડા સોનાના સિક્કા અને એક ચિઠ્ઠી હતી. ચિઠ્ઠી હાથમાં લઈને વાંચી તો એમાં લખ્યું હતું 'આ પથ્થર હટાવનાર મારા નગરના આદર્શ અને મહેનતકશ નાગરિકને નાની એવી ભેટ.'

જૂના જોગીઓને જગાડવાની નોબત આવી છે

તંત્રીસ્થાનેથી...

રાજકારણમાં ક્યારે કેવો વળાંક આવી જશે તે કલ્પવું મુશ્કેલ છે. કોંગ્રેસ નવા વછેરાઓને શોધી રહી છે અને જૂના નેતાઓને હાંસિયે ધકેલી રહી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીમાં એથી ઊલટાં વહેણ શરૂ થયાં છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિમાં અલબત્ત, સોનિયા ગાંધીની કાર્યકારી અધ્યક્ષા તરીકેની મુદત સતત લંબાવાતી રહે છે. હવે ૨૦૨૪ સુધી કદાચ કોંગ્રેસને યુવાન રાષ્ટ્રીય અધ્યક્ષ નહીં સાંપડે કારણ કે રાહુલ ગાંધીએ ગત લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર પછી એ પદ સ્વીકારવાની તૈયારી બતાવી નથી. ઉતાવળે આપેલ રાજીનામા બાદ પાર્ટીના સતત આગ્રહ છતાં તેઓએ પદ વગરના પદાધિકારી તરીકે પાર્ટીના સતત આગ્રહ છતાં તેઓએ પદ વગરના પદાધિકારી તરીકે પાર્ટીના પ્રમુખ રાષ્ટ્રીય નેતાનો પાઠ ભજવ્યો છે. જો કે મહામંત્રી તરીકે વરાયેલાં પ્રિયંકા વાડ્રા-ગાંધી પણ ઉત્તરપ્રદેશની ચૂંટણીની જવાબદારી છતાં કશું ઉકાળી શક્યાં નહોતાં, પણ એમણે એથી હાર માની લીધી નથી. અત્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓમાં ગાંધી પરિવાર જ સૌથી વધુ સક્રિય છે અને પોતાના ટીકાકારો સામે પાર્ટીમાં પણ ઝીક ઝીલી રહ્યો છે. ત્રેવીસ વિદ્રોહી સિનિયરોને પાર્ટીમાંથી હાંકી ભલે ન કઢાયા હોય પણ એમનું ગજું નથી કે તેપૈકી કોઈ ગાંધી પરિવાર વિરુદ્ધ રાષ્ટ્રીય નેતૃત્વની સ્પર્ધા કરવાની હિંમત દાખવે. રાહુલ ગાંધીએ એમની યુવા મંડળી પ્રત્યે વધુ ધ્યાન આપવા માંડ્યું છે. જયોતિરાદિત્ય સિંધિયાને ગુમાવ્યાનું એમને દુઃખ પણ છે. આથી હવે સચીન પાઈલટ જેવા શક્તિશાળી સાથીને તેઓ આગળ ધરી જામી પડેલા અશોક ગહલોતને કટ ટુ સાઈઝ કરવાની વેતરણમાં છે. પંજાબમાં એકહથ્થુ શાસન ચલાવતા વર્તમાન મુખ્યમંત્રી અમરિંદરસિંહની ઈચ્છા વિરુદધ પ્રિયંકા ગાંધીના પ્રેશરથી ધરાર ભાજપમાંથી કોંગ્રેસમાં આવેલા બડબોલા નવજોત સિધ્ધુને પંજાબ કોંગ્રેસની ધુરા સોંપી દેવાઈ છે. ગુજરાતમાં ગાંધી પરિવાર નવા યુવા નેતૃત્વની શોધમાં છે. હાર્દિક પટેલને ગજા બહારનું મહત્ત્વ અપાઈ ચૂક્યું છે. ભારતીય જનતા પાર્ટી માટે ગુજરાત એ પ્રતિષ્ઠાનું રાજય છે. વડાપ્રધાન, ગૃહપ્રધાન, વિદેશપ્રધાન અને આરોગ્ય પ્રધાન સહિત મહત્ત્વનાં મંત્રીપદ ગુજરાતી નેતાઓને હસ્તક છે. કોંગ્રેસે ગત વિધાનસભાની ચૂંટણીમાં ગળાકાપ હરીફાઈ આપી હતી અને જો શંકરસિંહ વાઘેલા આડા ન ફાટ્યા હોત તો એ સત્તા સ્થાને પણ આવી ગઈ હોત. જો કે એ પછી કોંગ્રેસી ધારાસભ્યોને ખેરવવાના કારસા શરૂ થયા અને બીજી તરફ કોંગ્રેસ પ્રદેશ કક્ષાએ સાવ જ નેતા વિહોણી હોય એવો માહોલ સરજાયો. પ્રદેશ પ્રમુખ કે વિપક્ષના નેતા તરીકે નિમાયેલા યુવાન ધારાસભ્યો ઝાઝું ઉકાળી શક્યા નથી. પરંતુ સાથે ભારતીય જનતા પાર્ટી સામે મસ મોટો એન્ટિ ઈન્મ્બન્સી ફેક્ટર આવી પડેલ છે. કોરોનાકાળના ગેરવહીવટ, બેરોજગારી અને ખેડૂતોના પ્રશ્નો હલ કરવામાં મળેલ નિષ્ફળતા પછી ગુજરાતમાં ભાજપ માટે આગાણી ચૂંટણીઓ કપડાં ચઢાણ સાબિત થઈ શકે એમ છે. દરમિયાન જ્ઞાતિ સમાજોનું રાજકારણ ગરમાયું છે. લેઉવા પાટીદારોના સ્વમાન્ય માન્ય નેતા નરેશ પટેલ આગામી મુખ્યમંત્રી પાટીદાર સમાજનો હોવો જોઈએ એવું આયોજન કરવા પાટીદાર સમાજોને એક મંચ પર લાવી દીધા છે. ખોડલધામ પાટીદાર રાજકારણનું એપીસેન્ટર બની ગયું છે. સુરતમાં મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનો સારો દેખાવ એ સૌરાષ્ટ્રમાં પણ પરિવર્તનની હવા ફેલાવી શકે એમ છે. શરુઆતમાં અસરકારક લાગતી અમિત શાહ અને સી આર પાટિલની પેજપ્રમુખ યોજના પરિણામદાયક નીવડી નથી. આથી પાર્ટીએ જૂના જોગી અને મોદી માટે પોતાની સીટ ખાલી કરી આપનાર પ્રખર કારડિયા અગ્રણી વજુભાઈ વાળાને સક્રિય થવા હિંટ આપી છે. વજુભાઈ ઉંમરે પહોંચ્યા છતાં સૌરાષ્ટ્રના ક્ષત્રિય સમાજમાં અસરકારક બની શકે તો નરેશ પટેલ અને મહેશ સવાણીના પાટીદારો સામે વિવિધ ક્ષત્રિય જ્ઞાતિઓના મતદારોનો મોહો સમૂહ ભાજપ તરફ વળી શકે એમ છે. ખોડલધામ સામે વજુભાઈના નેતૃત્વમાં સુરેન્દ્રનગર નજીક ભવાની મંદિરની યોજના આકાર લઈ લઈ છે. કોળી સમાજે પણ ભાજપ સામે છીંકોટા શરૂ કર્યા છે. વજુભાઈ પીઢ નેતા છે. તેઓ બે વાર પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી ચૂકયા છે અને કેશુભાઈની ગેરહાજરીમાં સૌરાષ્ટ્રના સૌથી વડીલ નેતા છે. સામાન્ય રીતે રાજયપાલપદે બે સત્રો સુધી રહ્યા પછી ભાગ્યે જ કોઈ નેતા પાર્ટીમાં સક્રિય બને, પણ વજુભાઈને એનો છોછ નથી. કોંગ્રેસ પાસે હાલ તો કોઈ જૂના જોગી બચ્યા નથી, પણ શંકરસિંહ વાઘેલા સામે ચાલીને કોંગ્રેસને બેઠી કરવા માંગે છે. ધારાસભ્યોની તોડફોડ કરવામાં માહેર હોઈ જરૂર પડ્યે ભાજપમાંથી થોડા ધારાસભ્યો ખેરવીને કોંગ્રેસની સરકાર બનાવી શક્યાની ક્ષમતા ધરાવે છે. ગાંધી પરિવાર એમને આવકારે તો તેઓ ખરેખર કોંગ્રેસ માટે અસ્કામત પુરવાર થઈ શકે એમ છે. નવજોત સિદ્ધુ જેટલા જ આ ઉંમરે પણ એ 'તરવરિયા તોખાર' છે. જો કે અહમદ પટેલની ગેરહાજરીમાં હવે બાપુને ગાંધી પરિવાર સમક્ષ પ્રસ્તુત કરે એવો કોઈ ગુજરાતી આગેવાન નથી. બાપુ, જરા દિગ્વિજયસિંહના કાને રાવ નાખી જુઓને! કદાચ પાસા સીધા પડી જાય !

લગ્નેતર ઓનલાઈન ડેટીંગથી બ્લેકમેઈલીંગનો ભોગ બનતી જનતા

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

લોકડાઉનમાં ટાઈમ પાસ કરવા માટે ઓનલાઈન ડેટીંગ ચલાવતી સંસ્થાનો રાફડો ફાટેલો છે. જેમાં સ્કુલ કોલેજના યુવકોથી લઈ ગૃહીણીઓ તથા ટયુશન કલાસના સંચાલકો તથા કંપનીના ઉચ્ચ હોદ્દેદારો બ્લેક મેઈલીંગનો ભોગ બનેલ છે.

હાલમાં કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે ઓનલાઈન વચ્યુઅલ સેકસના બહાને યુવકો બ્લેકમેઈલીંગનો ભોગ સૌથી વધારે બન્યા છે. સોશ્યલ નેટવર્કીંગથી મોડલો, પોર્નસ્ટાર તથા સેકસવર્કરો સાથેના ચેટીંગનું રેકોર્ડીંગ વાયરલ કરવાની ધમકીઓ આપીને અનેક લોકો પાસેથી નાણા ખંખેરવા આખી સાયબર ક્રાઈમ ગેંગ ઈન્ટરનેશનલ લેવલે કામ કરતી થઈ છે. જેનો ભોગ કેટલાય લોકો બનેલ છે જેમાંથી ૭ યુવકોએ સાયબર ક્રાઈમને ૧૦,૦૦૦/- ડોલર આપી દીધા બાદ પણ બ્લેકમેઈલીંગ ચાલુ રાખી તથા આવા ન્યુડ વિડિયો લીક કરવાની ધમકી આપતા ફરીયાદ નોંધાયેલ છે. ચેટનું વિડિયો રેકોર્ડીંગ વાયરલ કરવાની ધમકી આપીને નાણા ખંખેરાયા હોવાની ઘટનાઓ પ્રકાશમાં આવી છે. મહામારીમાં ઓનલાઈન વચ્યુઅલ સેકસનો વેપલો મોટા પ્રમાણમાં ફુલ્યો ફાલ્યો છે જે આખુ નેટવર્ક ઈન્ટર નેશનલ લેવલે ચાલતુ હોય સ્થાનિક પોલીસ સમજી શકે તે પહેલા સાઈડ બંધ થઈ જતી હોય છે. આઈપી એડ્રેસ ખોટા અને ફોન નંબર પણ ખોટા હોય છે. મોટાભાગે નાણા પડાવવા માટે યુવાવર્ગ તથા વયસ્કને જ ટાર્ગેટ કરવામાં આવતા હોય છે. ભારતમાં આવો ટ્રાફિક લોકડાઉનમા ૯૫ ટકા જેટલો વધવા પામ્યો છે.

એક લગ્નેતર ડેટીંગ સંસ્થાના મત અનુસાર લોકડાઉનના સમયગાળામાં કુલ ૭૦ ટકા રજીસ્ટ્રેશન ભારતીયોનું જ હતુ. આ ઉપરાંત સોશ્યલ મીડીયાના પ્લેટફોર્મ ઉપર વર્ચ્યુઅલ સેકસના એકાઉન્ટમાં ૧૫૦ ટકા નો વધારો થયો છે તેવું સાયબર એકસ્પર્ટનું માનવું છે.

વિડીયો કોન્ફરસીંગ દ્વારા બ્લેકમેઈલ કરીને લોકોને છેતરવા ના ઈરાદે વચ્યુઅલ સેકસની મોડસ ઓપરેડીંગ અપનાવે છે આજ કાર્યપધ્ધતિથી શહેરના વિદ્યાર્થીઓ, શિક્ષક તથા નોકરીયાત મહિલાઓ સહિત ઘણા યુવાનોને નાણા પડાવવા બદલ બ્લેકમેઈલીંગ કરાયુ હોવાની ઘટનાઓ બની છે. એક ન્યુડ મોડેલે પણ વિડીયો કોલથી વાતચીત દરમ્યાન ખાનગી કોલેજના વિદ્યાર્થીનું રેકોર્ડીંગ કર્યા બાદ લાખો રૂપિયાની માંગણી કરી હતી.

બીજી એક ઘટનામાં વર્ચ્યુઅલ સેકસના બહાને ટયુશન કલાસના સંચાલકની સાથે અજાણી યુવતીએ પણ વિડીયો કોલથી વાત કરી ભોળવીને ૪ થી ૫ દિવસ ચેટ કરી ત્યારબાદ યુવકના મોર્ફે કરેલા ન્યુડ ફોટા મોકલીને સોશ્યલ મીડીયા પર તેને વાયરલ કરવાની ધમકીઓ પણ આપી હતી બાદમાં યુવકે બદનામીના ભયથી લાખો રૂપીયા પણ ચુકવ્યા હોવાનું બહાર આવ્યું છે.

નાણા ગુમાવનાર લોકો પોલીસનો સંપર્ક કરી વિગતો આપી રહ્યા છે પરંતુ બદનામીના ભયથી ફરીયાદ નોંધાવવા માટે તૈયાર થતા નથી છેતરપીંડી થઈ નથી એવા લોકો જ ઈન્ફોમર તરીકે બહાર આવે છે. ભોગ બનનારે ડરવાની જરૂર નથી તેઓ ભય રાખ્યા સીવાય સીધો સાયબર ક્રાઈમ સેલનો સંપર્ક કરી શકે છે. યુવતીઓની વિગતો પોલીસ સીક્રેટ રાખે છે. હાઈપ્રોફાઈલ લોકોના નામો પણ પોલીસ ગુપ્ત જ રાખે છે તેથી સમાજનો ડર રાખવાની જરૂર નથી. હિંમત કરી આવો ભોગ બનનાર લોકોએ આગળ આવી ફરીયાદ કરવાની જરૂર છે જેથી બીજી ભોળા લોકો છેતરાતા બચશે.

હાલમાં ફેસબૂકના માધ્યમથી યુવતીઓ દ્વારા મેસેન્જરમાં સંપર્ક કરી ન્યૂડ

અનુસંધાન પાના નં. ૭ પર

સન્નારીઓએ સમય અને સ્થિતિ સામે સંઘર્ષ કરી નૂતન સમાજનું નિર્માણ કર્યું

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

આ દેશમાં પ્રાચીન કાળમાં જ્ઞાનના ક્ષેત્રમાં ઋષિમુનિઓનો દબદબો હતો. પરંતુ, ઋષિઓની પતંગમાં હકથી બેસી શકે તેવી ઘણી ઋષિકાઓ પણ હતી. આ ઋષિકાઓએ પોતાના જ્ઞાનના બળથી સમાજમાં માન અને સન્માન પ્રાપ્ત કર્યા હતા. જગતગુરૂ શંકરાચાર્ય અને તે સમયના મહાપંડિત મંડન મિશ્ર વચ્ચેની જ્ઞાનચર્ચા થઈ તે જાણીતી બાબત છે. આ જ્ઞાનચર્ચાના અંતે બંનેમાં કોણ વધારે વિદ્વાન છે તે નક્કી કરવાની કપરી જવાબદારી એક વિદૂષીએ જ નિભાવી. આશ્ચર્ય અને અહોભાવ ઉપજાવે તેવી હકીકત એ છે કે આ વિદૂષી પંડિત મંડન મિશ્રના પત્ની ભારતી હતા. તે કાળના આવા બે વિદ્વાન પંડિતો વચ્ચે પસંદગી કરવાનું કામ કપરું તો હશે જ ! આવું કપરું કામ ન્યાયપૂર્ણ રીતે નીભાવવાની જવાબદારી જેમના શિરે પર હતી તે વિદૂષી કેટલા વિદ્વાન હશે ? પછીનો કેટલોક કાળ એવો ગયો કે મહિલાઓને નીચી કે ઉતરતી ગણવામાં આવી. પરંતુ, મધ્યયુગમાં ફરી આ મહિલાઓની આધ્યાત્મશકિત ઝળહળી ઊઠી. મીરાંબાઈ તથા ગંગાસતીએ પોતાની વાણીના પ્રભાવથી ભલભલા વિદ્વાનોને મંત્રમુગ્ધ કર્યા! વચન અને વિવેક જાળવીને આધ્યાત્મના ઊંચા શિખરો આ સન્નારીઓએ સ્હેજે સર કર્યા.

મેરુ રે ડગે ને જેનાં મન નો ડગે
મરને ભાંગી રે પડે ભરમાંડ રે,
વિપદ પડે પણ વણસે નહિ,
ઈ તો હરિજનનાં પરમાણ રે.

- ગંગાસતી

ઋષિપત્નીઓથી શરૂ થયેલી મહિલાઓની આ યાત્રા છેક કસ્તુરબા સુધી ઝળહળતી ગઈ ! ત્યારબાદ પણ તેમાં કેટલાક વિશિષ્ટ નામો ઉમેરી શકાય તેવું છે. કેટલીક સન્નારીઓએ સમય અને સ્થિતિ સામે સંઘર્ષ કરી નૂતન સમાજનું નિર્માણ કરવામાં પોતાનું યોગદાન આપ્યું છે. આ ''શિક્ષણ માટે કોલેજમાં જઈને તમને શું મળશે ?'' એવા પ્રશ્નો સ્ત્રીઓને જે સમયમાં પૂછાતા એવા સમયમાં પણ જેઓ માથા સુધી ઓઢી, ખાદીધારી સાડી પહેરી ગુજરાત કોલેજમાં ભણ્યા તેવા ગુજરાતના પ્રથમ ગુજરાતી મહિલા સ્નાતક એટલે વિદ્યાગૌરી નીલકંઠ. સુશ્રી વિદ્યાબહેનના ૮૨ વરસના આયુષ્યનો ભાગ એમણે શિક્ષણ, સાહિત્ય અને સમાજસેવાનાં કાર્યોની જવાબદારી ઉઠાવવામાં ખર્યો. તેઓ મકકમપણે માનતા કે '' આ શિક્ષણનો દીપક સળગાવી તેની જયોત વડે હું ભારતીય મહિલાઓનો અંધકાર અને અંધશ્રધ્ધા દૂર કરવા પ્રયત્ન કરીશ.'' ૧૯મી સદીમાં તેમના વિચારો આજની ૨૧ મી સદીની મહિલા જેટલા આધુનિક હતા. વિદ્યાબહેન એક સન્નારી તરીકે જે ચીવટ અને સજ્જનતાથી પોતાની તમામ પ્રવૃત્તિઓ ચલાવતાં અને એમણે જે સન્માન અને પ્રેમ મેળવ્યાં છે, તે ગુજરાતમાં અને હિન્દુસ્તાનમાં નારીની પ્રતિષ્ઠા સ્થાપવામાં ઘણો મોટો ફાળો આપનાર બાબત છે. આજે પણ મહિલા શિક્ષણની વાત આવે, ચર્ચા થાય ત્યારે વિદ્યાગૌરી નીલકંઠનું નામ અગ્રસ્થાને હોય છે.

૧૮૭૬માં અમદાવાદના નાગર પરિવારમાં જન્મેલા વિદ્યાગૌરી નાનપણથી જ ચકોર અને તેજસ્વી હતા. જે સમયમાં દીકરીને જન્મતાની સાથે જ દૂધપીતી કરાતી ત્યારે જયુડિશલ ઓફીસર પિતાએ બદલીને કારણે દીકરીઓને ભણવામાં અગવડ ન પડે તે હેતુસર પત્ની તેમ જ પુત્રીઓને અમદાવાદમાં સ્થાયી કરવાનો નિર્ણય કર્યો. આમ, તેમના માતા-પિતાએ તેમનામાં નાનપણથી જ શિક્ષણનાં બીજ રોપ્યાં. દીકરીઓને ભણાવી દીકરા સમોવડી બનાવવાનો નિર્ણય કર્યો. આ પડકાર ઝીલીને તેઓ પ્રાથમિક ધોરણ સુધી અમદાવાદની શાળામાં ભણ્યા. પરંતુ, મહિલા માધ્યમિક સ્કૂલ ન હોવાથી મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજમાં ખાનગી કલાસમાં ભણી મેટ્રિક સુધી પહોંચ્યા. ખૂબ જ શાંતિપૂર્વક ચાલતી એમની બધી કાર્યવાહી પાછળ એમનું ઉમદા વ્યકિતત્વ પ્રગટ થતું, બધા પ્રશ્નોને ઉદારતાથી જોવાની એમની મનોવૃત્તિ રૂપે. કોઈને પણ વિષે ખોટો અભિપ્રાય ન બાંધવો, સામાને ન્યાય કરવા તત્પર રહેવું, અને હંમેશા દરેક પરિસ્થિતિમાંથી સારી વસ્તુ જોવા મથવું - આ એમના સ્વભાવની મુખ્ય લાક્ષણિકતાઓ હતી ! એ સમયમાં તેઓ કહેતા કે, એ જરૂરી નથી કે શિક્ષણ સ્ત્રીને સ્વછંદી બનાવે, ઉછું તે સ્ત્રીના અસ્તિત્વના વિકાસમાં મદદરૂપ બને છે. સ્ત્રીએ તો ઘર અને શિક્ષણ તથા કુટુંબ આ ત્રણેય બિંદુઓને સંતુલિત કરવા પડે છે.

શિક્ષણ મળતાં એક સન્નારી કુટુંબમાં, સમાજમાં અને દેશ આખામાં કેટલી સેવાસુવાસ ફેલાવી શકે છે તેના પુરાવારૂપ વિદ્યાબહેનનું જીવન હતું. લગ્ન થયા પછી પણ તેઓએ ભણવાનું ચાલુ રાખ્યું. તેમણે સમાજ સુધારક નીલકંઠ પરિવારના રમણભાઈ સાથે લગ્ન કર્યા અને તેમને જ ગુરુ માનીને ૧૯૦૧ માં પોતાનું ગ્રેજયુએશન પૂરું કર્યું. વિદ્યાબહેન ભણી શકયા અને તેમનું વ્યકિતત્વ પૂર્ણ રીતે વિકસી શક્યું તેમાં એમના મહાન પતિ રમણભાઈનો ફાળો કદાચ સૌથી મોટો છે. માટે જ તો, વિદ્યાબહેને એમને પોતાના 'જીવનવિધાયક' તરીકે ઓળખાવ્યા હતા. આચાર્ય આનંદશંકરે પણ તેમને 'સકલપુરુષ'' કહીને બિરદાવ્યા છે. જો કે, પતિની બહુમુખી-સાહિત્યની અને સમાજની - પ્રવૃત્તિઓમાં વિદ્યાબહેને પણ ડગલે ને પગલે તેમને સાથ આપ્યો હતો. રમણભાઈના માર્ગદર્શન હેઠળ જ તેમણે લખવાનું શરૂ કર્યુ. ૨૦ મી સદીમાં ગદ્ય લખવાની શરૂઆત કરનાર તેઓ પ્રથમ ગુજરાતી મહિલા હતા. તેમના અનેક જાણીતા પુસ્તકોમાં હાસ્યમંદિર એક છે. 'ગૃહદીપિકા', 'નારીકુંજ' વગેરે સામયિકોમાં પણ તેએ લખતા. તેમણે ભારતીય મહિલાઓના ઉત્થાન માટે પણ ઘણા પુસ્તકો લખ્યા છે. ગુજરાત સાહિત્ય પરિષદના ૧૫મા અધિવેશનમાં તેઓ પ્રમુખ તરીકે પણ ચૂંટાયા.

વિદ્યાગૌરીનો મુખ્ય હેતુ સમાજને સ્ત્રીશિક્ષણના માહાભ્ય અંગે જાગૃત કરી સ્ત્રીઓ માટે વિદ્યારૂપી જયોતને પ્રજવલિત કરવાનો હતો. તેઓએ એ વાત સાબિત કરી કે, સ્ત્રી માત્ર રસોઈકળામાં જ નિપુણ નથી પરંતુ તે શિક્ષણ પ્રાપ્ત કરીને ઘરની ચાર દિવાલોની બહાર પણ પોતાની આગવી ઓળખ મેળવી શકે તેમ છે. તેમણે લાભશંકર ઉમીયાશંકર પાઠશાળા દ્વારા છોકરીઓને ભણાવવાની શરૂઆત કરી. બહેનોને મફત શિક્ષણ મળે તે માટેની વ્યવસ્થા કરી. આ પાઠશાળા ઉપરાંત પણ કેટલીક શિક્ષણ સંસ્થાઓમાં તેઓ ટ્રસ્ટી તરીકે જોડાયા. તેઓ શિક્ષણશાસ્ત્રીની સાથોસાથ એક સમાજસુધારક તેમજ સમાજસેવિકા પણ હતા. આંતજ્ઞાતિય લગ્નપ્રથાને ઉત્તેજન આપવું તેમજ વિધવા પુનર્વિવાહનો વિચાર સમાજ સમક્ષ મૂકવો - આ પ્રકારની ક્રાંતિકારી વિચારસરણીને તેઓએ પ્રોત્સાહન આપ્યું. સાસરીયા સ્ત્રીઓને ત્રાસ આપતા હોય ત્યારે તેમના ઘરે પોતે રૂબરૂ જઈને સમજાવટ દ્વારા અને ત્યારબાદ પણ ન જ માને તો કડકાઈથી કામ લઈને પણ સ્ત્રીઓને તેઓ તેમાંથી મુકત કરાવતા. મુસ્લિમ સ્ત્રીઓ માટે સીવણના વર્ગો શરૂ કરીને તેમને પગભર બનવામાં મદદરૂપ થવાના પ્રયત્નો પણ તેમણે કર્યા હતા. હિન્દુ અભણ સ્ત્રીઓ માટે રાત્રીના સમયે વર્ગો શરૂ કર્યા. વિદ્યાગૌરીના આ પ્રકારના જનસેવા અને મહિલાઓના ઉત્કર્ષ માટેના પ્રયત્નો માટે તેમને ''સ્ટાર ઓફ ઈન્ડિયા'' એવો ખિતાબ પણ મળ્યો હતો.

વિદ્યગૌરી નીલકંઠ ગાંધીજી સાથે સ્વરાજયની લડતમાં પણ જોડાયેલા હતા. અમદાવાદમાં સ્ત્રીઓ માટેના કોંગ્રેસ અધિવેશનના તેઓ અધ્યક્ષ પણ બન્યાં હતાં. બહુમુખી પ્રતિભા ધરાવનાર આ પ્રભાવશાળી મહિલા માટે ગાંધીજી કહેતા કે તેઓ એક હરતીફરતી જ્ઞાનની સંસ્થા છે. તે ભારતીય મહિલાઓનું ઘરેણું છે. અને સૌથી મહત્વની બાબત તો એ છે કે કુરિવાજો અને અન્યાય સામે લડત કરનારા આ મહિલા જરૂરી સામાજિક અને પરંપરાગત રિવાજો જાળવવામાં પણ તેટલા જ કુશળ હતા ! માટે જ કહી શકાય કે તેઓએ તેમના શિક્ષણને ખરા અર્થમાં ચરિતાર્થ કરી બતાવ્યું ! દેખાદેખી, ઈર્ષ્યા અને દંભને સ્થાને અપાર વાત્સલ્યમૂર્તિ બની તેઓ સમગ્ર સ્ત્રીજગત માટે એક દષ્ટાંતરૂપ જીવન જીવ્યા. મહિલા સ્વાતંત્ર અને મહિલા સશકિતકરણનું એક ઉત્તમ ઉદાહરણ સમગ્ર સમાજ માટે સદાય સીમાચિહ્નરૂપ બની રહેશે !

Last Seen :

દરેક સાચી સ્ત્રીના અંતરમાં કોઈ દેવી અગ્નિની ચિનગારી પડેલી જ હોય છે. જે સુખના દિવસોના ઉજાસમાં સુષુપ્ત રહે છે ; પણ વિપદની અંધારઘેરી પળ આવે ત્યારે એ ચળકી ઊઠે છે, પ્રકાશે છે અને ઝળહળે છે.

- nehalgadhavi101@gmail.com

એક ગામના આગેવાનની મનોગત : અમારું તો બક્ષીપંચનું ગામ 'અમારે તો ઊકરડા પર ઊગવાનું'

નવી સવાર
રમેશ તન્ના

અમદાવાદથી ૩૦-૩૫ કીમી દૂર જમિયતપુરા નામનું ગામ આવેલું છે. (તા.કડી, જિ.મહેસાણા). ગાંધીનગર જિલ્લામાં પણ એક જમિયતપુરા છે. આ જમિયતપુરાના આગેવાન રતિલાલ ઠાકોર અભ્યાસી અને સનિષ્ઠ વાચક. આ ગામમાં જનકભાઈ પટેલ નામના યુવા સરપંચે ગુજરાતની ઉત્તમ પ્રાથમિક શાળાઓમાં સ્થાન પામે તેવી શાળાનું સર્જન કર્યું છે. જે



ગામમાં દીકરીઓ સાતમા ધોરણ સુધી પણ નહોતી ભણતી એ ગામની દીકરીઓને કોલેજ સુધી પહોંચડવામાં જનકભાઈ અને ભૂમિકાબહેન પટેલ, તથા તેમની પ્રતિબદ્ધ ટીમ સફળ થઈ છે. (એ આખા લેખનો જુદો વિષય છે.)

જ્યારે ગામના આગેવાન અને પૂર્વ સરપંચ તરીકે રતિલાલભાઈ પટેલને પૂછવામાં આવ્યું કે શિક્ષણનો ગામનો શો ફાયદો થયો ત્યારે તેમણે કહ્યું કે જનકભાઈ સાહેબ તો અમારા ગામના શિક્ષક નથી કે આચાર્ય પણ નથી, એ તો અમારા ગામનું માવતર છે. અમને ખબર ના હોય કે અમારું સંતાન કયા ધોરણમાં ભણે છે, એને આગળ ક્યાં ભણાવવું.. તેની બધી ચિંતા જનકભાઈ અને શાળાના બીજા શિક્ષકો કરે.

આમ કહીને રતિલાલભાઈ ઠાકોર એક એવું અદ્દભૂત વાક્ય બોલે છે, જે કોઈ કવિતા પંક્તિ જેવું લાગે. સર્જક ધ્રુવ ભટ્ટે જ્યારે આ વિધાન સાંભળ્યું ત્યારે તેમણે કહ્યું કે આ તો લોકઉપનિષદ જેવું વાક્ય છે. રતિલાલભાઈએ એમ કહ્યું કે, બાકી અમે તો બક્ષીપંચનું ગામ. અમારે તો ઊકરડા પર ઊગવાનું.

'અમારે તો ઊકરડા પર ઊગવાનું'... આ વિધાન માત્ર એક વિધાન નથી. તેમાં જબરજસ્ત મર્મ અને અર્થ ભર્યો છે. તેમાં વેદના છે અને સંવેદના પણ છે. તેમાં વ્યથા છે અને કથા પણ છે. તેમાં આઝાદીના અમૃત મહોત્સવના સમયનો વાસ્તવિક ચિતાર પણ છે.

હજી પણ લોકોને ઊકરડા પર ઊગવું પડે એ સ્થિતિ કડવી અને વરવી છે. બગીચામાં જ ઊગવાની ખરી મજા છે. ઊગવામાં વિધેયાત્મકતા છે, રચનાત્મકતા છે, પણ ઊકરડા પર ઊગવામાં વ્યથા છે. ઊગવાનો આનંદ તો ખરો જ, પણ જ્યારે માલૂમ પડે કે ઊકરડા પર ઊગવાનું છે ત્યારે ઊગવાનો આનંદ હાંસિયામાં જતો રહે અને ઊકરડા પર ઊગવું પડ્યું છે તેનો અફસોસ કેન્દ્રમાં આવી જાય.

રતિલાલભાઈ કહે છે કે ભારતને બચાવવું હશે તો ગામડાંઓને બચાવવાં પડશે. ગામડાં તૂટી ના પડે તેનું ધ્યાન રાખવું જ પડશે. તેમની વાતમાં તથ્ય છે. ગામડાં એ માત્ર ભારતનો નહીં, માનવતાનો આત્મા છે. ગામડું એ તો પ્રતિક છે. ખરેખર તો ગામડાંને બચાવીને આપણે ભૌતિકતા તરફની આપણી દોટને સંયમમાં રાખવાની જરૂર છે.

રતિલાલભાઈ કહે છે કે આજે ગામડાં શહેરો તરફ મોઢું કરીને બેઠાં છે, તેમનું મોઢું ફેરવી લેવાની જરૂર છે.

એક લીટીમાં રતિલાલભાઈ ઉપાય આપે છે ત્યારે મહાત્મા ગાંધી યાદ આવે છે. ૧૯૦૫માં તેમણે હિંદ સ્વરાજ લખ્યું હતું ત્યારે કહ્યું હતું કે આપણે (ભારતે) યુરોપ તરફ મોં કરીને વિચારવાની જરૂર નથી. આપણે જુદા છીએ. આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિ જુદી છે. આપણી પાટી અને પરિપાટી જુદી છે. આપણી જરૃરિયાતો જુદી છે.

જે વ્યક્તિ સાચા ભારતને સમજી શકતો હશે એ ચોક્કસ કબૂલ કરશે કે ભારતને બચાવવું હોય તો ગામડાંઓને બચાવવા સિવાય કોઈ આરો કે ઓવારો નથી. આખા વિશ્વમાં મૂડીવાદ ટોચ પર છે. શહેરીકરણ બુલેટ ગતિએ વધી રહ્યું છે. કૃષિ પરનો આધાર ઘટતો જાય છે. શહેરો વધતાં અને વકરતાં જાય છે અને ગામડાં તૂટતાં જાય છે. ગામો ધીમે ધીમે વૃદ્ધાશ્રમો જેવાં બની રહ્યાં છે. કચ્છમાં લખપત નામનું એક ગામ છે. ત્યાં ખાલી મકાનો જ ઊભાં છે. ખાલી કોટડાં ઊભાં છે. ગુજરાતનાં ગામો આ લખપત ગામ જેવાં બનવા લાગ્યાં છે.

એક વિચાર એવો પણ આવે કે ગામ ઊકરડો કહેવાય કે શહેર ? ગામો ભલે સમયના તાલે અદલાયેલાં-બદલાયેલાં હોય, તો પણ ગામો હજી પ્રકૃતિને સાચવીને બેઠાં છે. તેમણે પર્યાવરણવાળી પ્રકૃતિ સાચવી છે અને પોતાની ઓળખસમી પ્રકૃતિ પણ સાચવી છે. શહેરોમાં ધૂમાડો છે, ગીચતા છે. મહાત્મા ગાંધી તો શહેરોને ભારત માતાના શરીર પરનાં ગૂમડાં કહેતા. તેમની વાતમાં અતિશયોક્તિ ચોક્કસ લાગે, પણ તેમાં તથ્ય તો છે જ.

ભગવાન બુદ્ધને યાદ કરીને ભારતે મધ્યમમાર્ગી બનવું પડશે. શહેરોનો ઈનકાર નહીં જ કરી શકાય. તેની સાથે સાથે ગામોની બાદબાકી પણ નહીં કરી શકાય. ભારતે ગામોને બચાવવાં જ પડશે. તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જ પડશે.

છાંયડો :
ગામ એ જ રામ છે.